
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**ચાંડાલ યોગ અને કાલસર્પ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** પત્ની સાથે સારું બનશે. સાતમે ચંદ્રનો યોગ સારો છે. આઠમે સ્વગૃહી મંગળ - શનિની યુતિને કારણે મતારે પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું જરૂરી છે - ધ્યાન રાખવું.

**વૃષભ** સ્વગૃહી મંગળ - શનિની યુતિની સીધી દ્રષ્ટિ આપની રાશિને પીડા આપનારી છે. વાદ - વિવાદમાં ન ઉતરવું પડે તેનું ધ્યાન રાખવું. જાહેર જીવનમાં પડેલ વ્યક્તિએ સાચવવું.

**મિથુન** સંતાન સુખ સારું મળશે - પાંચમે ચંદ્ર આપને તથા આપના સંતાનને કલા પ્રત્યે અભિરૂચિ દાખવે તે માટે પ્રેરે. સંતાનની પ્રગતિ સારી થાય - નામના વધે - આનંદમાં જાય.

**કર્ક** બુધ શુક્રની તથા ચંદ્રની કેન્દ્રની સ્થિતિએ તમારો આજનો દિવસ ખૂબ જ આનંદમાં જાય. સંતાન તરફથી ચિંતાનું આવરણ રહે - સંતાન ઝઘડાઓ કરીને ન આવે તે જોવું.

**સિંહ** ત્રીજે ચંદ્રની ભાગ્ય સ્થાન પરની દ્રષ્ટિથી આપનો આજનો દિવસ આનંદમાં તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓમાં જશે. કૌટુંબિક વાતાવરણ સુખમય જશે.

**કન્યા** બીજે ચંદ્ર ધન લાભ કરાવે - સ્વભાવમાં સૌમ્યતા લાવે - છઠ્ઠે સૂર્ય શત્રુ નાશ કરાવે - રોગ મુક્ત કરાવે - એકંદરે આજે આપનો દિવસ સારો જશે. ટેન્શન ફ્રી રહેશો.

**તુલા** રાશિમાં ચંદ્ર ઉત્તમ ગ્રહ છે - પૃથ્વીની નજીકમાં નજીક ગ્રહ ચંદ્ર હોઈ તેની અસરો સૌથી વધુ થાય છે. જેથી આપની રાશિને આજનો દિવસ ઉત્તમ સૌમ્યતા વાળો જશે.

**વૃશ્ચિક** રાશિમાં મંગળ હોઈ જાતક ક્રોધી સ્વભાવ રાખશે - નાની વાતને મોટું સ્વરૂપ આપીને ઝઘડાખોર માનસ કેળવાશે - માટે જાતકે સંપૂર્ણ કાબૂ રાખીને પોતે શાંતિ જાળવવી.

**ધન** બારમે શનિ મંગળની યુતિ પડવા - વાગવા - દાઝવા - એક્સપન્ટ ઉપર ખર્ચ કરાવે - ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરવાથી આ યુતિમમાં ઘણી જ રાહત રહેશે.

**મકર** શુભ ગ્રહોની યુતિ તમારી રાશિમાં હોઈ તેમજ દસમે ચંદ્ર હોઈ જો આઠમે રાહુ તમને નુકસાન ન કરાવે તો તમારો આખો દિવસ સારો જશે.

**કુંભ** રાશિમાં થતો કાલસર્પ યોગ તમારી રાશિને હેરાન - પરેશાન કરી શકે છે પરંતુ જો તમો ઈષ્ટદેવ - મહાદેવની ભક્તિ - પૂજા - અર્ચના કરશો તો અવશ્ય રાહત રહેશે.

**મીન** આઠમે ચંદ્ર શરદી - સાતમે ખમ - વાઈરલ ન્ફિેકશન - તાવ વિગેરે લાવી શકે છે. પરંતુ જો શિવપૂજા - ભક્તિ કરશો તો આનાથી બચી જશો. સાચવવું.

## કંપની સમાચાર

### ઉદ્યોગોમાં સોલર થર્મલ ટેકનોલોજીનો વ્યાપ વધારવા વર્કશોપ યોજાયો

ઉદ્યોગોમાં વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો માટે લાભદાયી નિવડતી સોલર થર્મલ ટેકનોલોજી (સીએસટી) અંગે વિશેષ ધ્યાન અપાય તે હેતુથી ગ્લોબલ એનવાયરોમેન્ટ ફેસિલીટી એન્ડ યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (GEF-UNIDO) દ્વારા નવી અને રિન્યુએબલ એનર્જી મંત્રાલય (MNRE)ના સહયોગ દ્વારા 'Promoting business models for increasing penetrations and scaling up of solar energy' પ્રોજેકટ શરૂ કરાયો છે આ પ્રોજેકટ હેઠફ કેટલીકસાઈટ વિઝીટ અને વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયની નોડલ એજન્સી, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી




(GEDA) અને કોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ)ના ઘનિષ્ઠ સહયોગ દ્વારા સાબરમતી જેલ અને મધર ડેરીનાં એકમોની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી જેલ દ્વારા શેફલર ડીશ સીએસટી ટેકનોલોજી દર્શાવવામાં આવી જ્યારે મધર ડેરી દ્વારા પૅરાબોલીક ટ્રોફ સીએસટી સિસ્ટમ દર્શાવવામાં આવી. વર્કશોપમાં ઉદ્યોગો માટે સીએસટી ટેકનોલોજી ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત અને આસપાસના ઉદ્યોગોના સિનિયર પ્રતિનિધિઓએ સીએસટી સિસ્ટમના ઉત્પાદકો અને ગ્રાહકો સાથે કુલ્લી ચર્ચા કરી હતી. યુનિડોના નેશનલ પ્રોજેકટ મેનેજર ડો. અનિલ મિશ્રા એ તેમના સ્વાગત પ્રવચનમાં આ ટેકનોલોજી અપનાવવામાં અવરોધો નડવા અંગેની માન્યતા દૂર કરી હતી અને પૅરાબોલિક ટ્રોફ, ડીશ કલેકટર્સ, અને લીનીયર ફ્રેસનલ જેવી અત્યંત સાનૂકુફ સોલર થર્મલ ટેકનોલોજી અંગેની વિગતો આપી હતી. તેમણે કેટલાક ઈન્ટરનેશનલ પ્રોજેકટસનાં ઉદાહરણ આપ્યાં હતાં અને એ દ્વારા સીએસટી સિસ્ટમ દ્વારા નોંધપાત્ર પ્રમાણમાં ઉર્જા બચત તથા પરંપરાગત બફતણના વિકલ્પ અંગે વાત કરી હતી. નવી અને રિન્યુએબલ એનર્જી મંત્રાલય તરફથી સબસીડી અને આઈઆરઈડીએ તરફથી પ્રોજેકટ માટે ઓછા વ્યાજ દરે મફતા ભંડોફ અંગેની માહિતી આપી હતી. સીઆઈઆઈની ગુજરાત સ્ટેટ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ અને હિટાચી હાઈ-રેલ પાવર ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના મેનેજીંગ ડિરેકટર શ્રી પિયુષ શાહે પોતાના પ્રતિભાવમાં ઉદ્યોગોને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે ઉદ્યોગોએ પોતાની ફેકટરીઓમાં સોલર ટેકનોલોજીસ અપનાવવા માટે આગફ આવવું જોઈએ કારણ કે સૌર ઉર્જા એ કરકસરયુક્ત અને લાંબાગાફ્ષા માટેની પધ્ધતિ છે. તેમણે વધુમાં જણાવ્યું કે સૌર ઉર્જાનો ઉપયોગ આપણને ગ્લોબલ વોર્મીંગનો સામનો કરવામાં પણ ઉપયોગી નિવડશે. સીઆઈઆઈ અને તેના સભ્યો તરફથી શ્રી શાહે જણાવ્યું કે સીઆઈઆઈને આ પ્રકારના પ્રોજેકટસના અમલને પ્રોત્સાહિત કરવામાં અત્યંત આનંદ થશે.

ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના ચેરમેન શ્રી આઈ.એમ. ભાવસારે પોતાનું અવલોકન રજૂ કરતાં જણાવ્યું કે સોલર થર્મલ ટેકનોલોજી ગુજરાતના ઉદ્યોગો સુધી પહોંચીને પોતાનું સ્થાન મજબૂત કરી રહી છે.

# પાલનપુરમાં પુરવઠા વિભાગમાં ચાલતુ વધુ એક ધુપ્પલ ઝડપાયુ

## ઘઉં-ચોખા-ખાંડ સાથેની રસીદો વાળી ટ્રકમાં માત્ર ઘઉંનો જ પુરવઠો : ગોડાઉન સીલ કરાયું : તપાસની મંથરગતિએ કાળાબજારરિયાઓને મોકળુ મેદાન આપ્યું

પાલનપુર, તા. ૨૭ બનાસકાંઠા જિલ્લામાં ગરીબોના મોઢેથી અન્નનો કોળિયો



છીનવી લેતા કાળાબજારીયા બેફામ બન્યાં છે. હજુ તો ડિસેમ્બર માસમાં પાલનપુર ખાતે ઢૂંઢિયાવાડીના માલ ગોડાઉન પરથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારો માટે રવાના કરાઈ રહેલ રેશનીંગના પુરવઠામાં રસીદ હોવા છતાં ચોખાની બોરીઓ

### ટ્રકમાં શંકાસ્પદ રીતે માત્ર ઘઉંના જ કટ્ટા

માલ લઈને રવાના થઈ રહેલ આઈશર ટ્રકમાં ૫૦ કિગ્રાના કુલ ૩૧૦ કટ્ટા સાથે ૧૫૫ ક્વિન્ટલ ઘઉ ભરેલા હતા. આ ટ્રક તના નિયત સમય કરતા ખૂબ મોડો રવાના થઈ રહ્યો હતો. અને તેના એફસીઆઈના પેકિંગ દોરાને બદલે અન્ય દોરાની સિલાઈ કરાયેલ હતી. ટ્રકમાં સામેલ રસીદોમાં ચોખા-ખાંડ વગેરે વસ્તુઓની પણ યાદી હતી. પરંતુ ટ્રકમાં માત્ર ઘઉં જ ભરેલા હતા. આ શંકાસ્પદ બાબતોને ધ્યાનમાં રાખીને પુરવઠા નિરિક્ષક અને તેમની ટીમ તપાસ ચલાવી રહી છે.

ડીસાના ભોંયણ ખાતેથી ઝડપાયેલ બિન હિસાબી ઘઉંના જથ્થાની શાહી સુકાઈ નથી ત્યાં તો ફરી એકવાર વગરના ટ્રક રવાના થતા ઝડપાયા છે.

પાલનપુર ખાતેથી ઢૂંઢિયાવાડી માલ ગોડાઉનમાંથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારો માટે રેશનીંગનો અન્ન પુરવઠો રવાના થઈ રહ્યો હતો. આ પુરવઠો લઈ જતી ટ્રકોમાં ઘઉં અને ચોખાની તો રસીદો હતી પરંતુ ટ્રકોમાં માત્ર ઘઉંની જ બોરીઓ ભરેલી હતી. બુધવારે રાત્રે જ્યારે આ ટ્રક રવાના થવાના તૈયારીમાં હતી તે સમયે જ કોઈએ પુરવઠા કચેરી કે કલેકટર કચેરીને જાણ કરતા શંકાસ્પદ ઘઉં ભરેલ ટ્રકને તંત્ર દ્વારા ઝડપી લઈ ગોડાઈનને પણ સીલ કરવામાં આવ્યું હતું અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાની




જાણ થતા પાલનપુરના પુરવઠાના કટિંગ કાર્ગોના કાળાબજારિયાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. ગોડાઉન મેનેજર નિગમના અધિકારી જોષી અને જે દુકાનદારોનો જથ્થો હતો તેવા ઢોલાણાના કે.જી. પરમાર, ધાણધાના જે.જી. વારેચા, વાસણના આર.એમ. મીર, મોરિયાના આર.પી. બારોટ, દેલવાડાના જે.જી. ધાસુરા, રાજપુરના એસ.કે. છાપીયા, જસલેભીના એ.ણ. પરમાર વગેરેની દુકાને તપાસનો રેલો પહોંચ્યો છે.

જિલ્લા પુરવઠા અધિકારી એ.આર. જ્હાએ કલેક્ટર દિલીપ રાણાના માર્ગદર્શન હેઠળ પાલનપુરના મામલતદાર દેસાઈ ગીતાબેન અને ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર માધુભાઈ પ્રજાપતિની સાથે સમગ્ર ટીમ ઘટનાની તપાસ ચલાવી રહીછે. જોકે કાર્યવાહી પ્રારંભ થવાના ૪૮ કલાક બાદ 'સબ સલામત' તરફ તપાસ કાચબાગતિએ ચાલતા કાળાબજારિયા માલ સગેવગે કરવામાં વ્યસ્ત બન્યા છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા દુકાનદારોનો બાકીનો વેરો વસુલ કરવા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. શનિવારે મયુર શોપીંગ સેન્ટરમાં આવેલા દુકાન નં. ૧૭ના માલિક દેવીલાલ અરજણજી પરમારે પાછલી રકમ અને ચાલુ સાલનો વેરો ૧૬,૩૩૦ રૂ. વારંવાર ઉઘરાણી કરવા છતા ન ભરતા મોડાસા નગરપાલિકાના ચીફ ઓફસીરે હરીશ અગ્રવાલ અને નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા દુકાનને શીલ કરી બાકી વેરો ભરવા નોટિસ ફટકારી હતી. નગરપાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો.

### પ્રાંતિજના રાવલ સમાજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા અને હાલ મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણઅધિકારી તરીકેફરજ બજાવતા રાવલ હર્ષદભાઈ લક્ષ્મણભાઈને રાજયપાલ દ્વારા થેંક્સ બેજ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ સંઘ દ્વારા એડલ્ટ એવોર્ડ સમારોહ તા. ૨૨-૨-૨૦૧૬ને સોમવારના રોજ યોજાયો હતો. જેમાં પ્રાંતિજના વતની અને હાલ મહેસાણા ખાતે ડી.પી.ઈ.ઓ. તરીકે ફરજ બજાવતા રાવલ હર્ષદભાઈ લક્ષ્મણભાઈને ગુજરાત રાજ્યના રાજ્યપાલ દ્વારા થેંક્સ બેજ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

### માનવજાતિને બચવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્કૃતિની જાળવણી કરતા હતા તે સમજાવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે ધર્મને બીજા ધર્મ સાથે સંઘર્ષ નથી પરંતુ અધર્મનો સંઘર્ષ છે. બીજાને દગો આપવો તે જ અધર્મ. માનવજાતિને બચવા માટે વિજ્ઞાન અને આધ્યાત્મનો સમન્વય જરૂરી છે. તેમણે વૈદિક સંસ્કૃતિનુ મહત્વ સમજાવવા પ્રયાસ કર્યો હતો. પરિસંવાદના પ્રારંભે કડી કેમ્પસના ચેરમેન વલ્લભભાઇ પટેલે જીવનમાં પરિવર્તન જરૂરી છે.અને સ્વીકારવુ પણ પડે છે. સંસ્કૃતિનો વારસો ભવ્ય છે. ત્યારે નિરઉત્સાહ થવાનુ ઉચિત નથી. કેટલીક બાબતો ચોક્કસ વિચાર માંગી લે તેવી છે. પરંતુ સંસ્કૃતિના જતન માટે આપણે સૌ એ પ્રયત્નશીલ રહેવુ જોઈએ. આ પરિસવાદમાં ઓરિસ્સા સંસ્કૃત વિદ્યાલયના કુલપતિ ડો ગંગાધર પંડા તેમજ દિલ્હી દુરદર્શનના સંસ્કૃતના વિદ્વાન રામાનંદ સાગરે પણ બીજરૂપ વકત્વય આપ્યુ હતુ. પરિસંવાદ દરમિયાન ભારતમાંથી આવેલા વિદ્વાનોએ ગુજરાતી,હીન્દી,અંગ્રજીઅને સંસ્કૃત, આઈ ટી તેમજ પાંચ શાસ્ત્રો ઈકોનોમિકસ, ભુગોળ, સાઈકોલોજી, સોસિયોલોજી, તેમજ હીન્દી સહીતના વિષયોને સાંસ્કૃતિક ધરોહર સાથે સાંકળી ૨૦૭ રિસર્ચ પત્રો રજુ કર્યા હતા. આંતરરાષ્ટ્રીય કક્ષાનો એક તેમજ રાષ્ટ્રીય કક્ષાના ૧૩ અને સ્થાનિક કક્ષાએથી સંશોધન પત્રો રજુ કરાયા હતા. ઉમા આટર્સ કોલેજના આચાર્ય અમૃતાબેન પટેલ,વાઈસ પ્રિન્સિપાલ ડો પ્રણવ જોષીપુરા,કન્વિનર રીટાબેન ગાંધી,ડો યોગિની પંડયા, તેમજ ડો રૂપા ચાવડાએ પણ મહત્વની ભુમિકા અદા કરી હતી.

### મનપાની ચૂંટણી માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાતંત્ર દ્વારા રાજ્ય ચૂંટણી પંચની સૂચિત મુલાકાતને લઈ તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ બેઠકમાં રાજકીય પક્ષો ઉપરાંત મ્યુનિ. કમિશનરશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, અધિક નિવાસી કલેક્ટરશ્રી તેમજ અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંગે પંચની આ મુલાકાત બાદ સીમાંકન અંગેના આખરી આદેશો પણ આગામી સપ્તાહમાં જ જારી કરી દેવા ઉપરાંત મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. આગામી સપ્તાહના આરંભથી પુનઃ એક વખત જિલ્લાનું વહીવટીતંત્ર ઈલેક્શન મોડમાં આવી જશે.

### દહેગામ પાસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લિધુ હતુ.ત્યાં ડમ્પર ચાલકને પાર્ટી પ્લોટની દિવાલ ને ટક્કર મારી હતી. જેથી દીવાલ નજીક સુઈ રહેલા લોકો પર દીવાલ પડી ગઈ હતી. આ ઘટના બનતા આસપાસના લોકોના ટોળા દોડી આવ્યા હતા. અને દીવાલ નીચે દબાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં પિન્ટુભાઈ અને શારદાબેનનું ઘટનાસ્થળે જ મોત થયુ હતુ. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની ટ્રાફિક પોલિસને કરતા ટ્રાફિક પોલિસ તાત્કાલીક ઘટનાસ્થળ પર પહોચી હતી. અને તપાસ હાથ ધરી હતી. પોલિસે મૃતકોના મૃતદેહને પોસ્ટમાર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલિસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોધી તજવીજ હાથ ધરી છે.

### પરીક્ષા યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવા માટે પરીક્ષાર્થીને પ્રવેશ આપવામાં આવશે. આ પરીક્ષા માટે સઘન પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. પ્રશ્નપત્ર વિતરણ થયા બાદ કોઈ પરીક્ષાર્થીને પરીક્ષા પૂર્ણ થયા બાદ જ કેન્દ્ર છોડવાની મંજૂરી અપાશે. મહેસુલી તલાટીઓની અગાઉ મહેસુલ વિભાગે સીધી પરીક્ષા યોજી હતી અને તેમાં ગોટાળો થયાના ગંભીર આક્ષેપો પણ થતાં સરકારે તેનુ જાહેર થયેલુ પરિણામ દ જાહેર કરી હવે ગૌણ સેવા પસંદગી મંડળને તેની પરીક્ષા લેવાની જવાબદારી સોંપી છે જે ઉલ્લેખનીય છે. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૨ લાખ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા માટે તંત્ર દ્વારા આ વખતે ચાંપતી નજર રાખવામાં આવનાર છે. ફલાઈંગ સ્કવોડ પણ વર્ગ-૧-૨ના અધિકારીઓના બનાવવામાં આવ્યા છે.

### હાર્દિક સહમત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાદડિયાએ કરી હતી. સરકારે કેસો પાછા ખેંચવાના સંકેત પણ આપ્યો હતો. ઓબીસીમાં સામેલ કરવાના મુદ્દે કોઈ વાત થઈ હોવાનો તેમણે સાફ ઈન્કાર કર્યો હતો. સરકાર અને હાર્દિકને જેમ યોગ્ય લાગશે તે રીતે વાત આગળ ચાલશે.

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

છે. વિરોધ કરવો કે માંગણી કરવી એ બંધારણીય અધિકાર છે એની ના નહિ પણ સાવ આમ?? અગેઈન અનામતનો કક્કો ખરો થાય એ પહેલા અને એ દરમ્યાન બનેલી આ જઘન્ય ઘટના જો સાચી હોય તો વિચાર તો કરો કે ફ્રીડમ ઓફ એક્સપ્રેશનનો કેટલો ભયંકર અર્થવિસ્તાર કર્યો છે આપણા લોકોએ...?? ડીટ્ટો જેએનયુ કાંડમાં પણ એ જ થયું ને? આપણને મળેલી વાણી અને વિરોધની સ્વતંત્રતાનો એની જ સામે ઉપયોગ થયો જે દેશ...જે જમીન...જે ધરતી પર આપણે આપણું અસ્તિત્વ વિકસાવી - ટકાવી રહ્યા છીએ. જે સરજમીનની આબોહવામાં શ્વાસ લઈને આપણે ઉછરી - વિસ્તરી - વિકસી રહ્યા છીએ એ જ સરજમીન પર ઉભા રહીને વતનને નુકશાન થાય એવો ખ્યાલ - ક્રિયા કે વર્તણુક કરવી એ બુદ્ધિજીવીઓની ભાષામાં ભલે હક્ક કે અધિકાર કે જે ગણાતું હોય તે પણ...મારા તમારા જેવા સામાન્ય નાગરિકોની સમજ મુજબ તો એ દેશદ્રોહ જ ગણાય....રાષ્ટ્રદ્રોહ જ ગણાય.....!!!

- akurjt@gmail.com

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

જે હોય તે પણ મારા અઘરા લેખક મિત્ર હવે કવિતાઓ લખવાના છે એવો મને એમણે વોટ્સપમાં મેસેજ કરેલો. ત્યારથી હું ચિંતિત છું કે જો તેઓ કવિતાઓ લખશે, નિબંધો લખશે તો ગુજરાતી ભાષાનું શું થશે ? વળી એક વાર એમના અતિ અઘરાં અને ગંભીર લખાણથી ગૂંચવાઈને એક સાવ નવોદિત કવિ એમની પાસે પોતાના પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખાવવા ગયો. તો એમણે પ્રસ્તાવના ચોવીસ પાનાની લખી અને શીર્ષક આપ્યું "પ્રતિસંધાનુ ગ્રિત્વાનુભાવ સમ્હોપ્ક્ય કામ્પ્ત્વના" પેલો નવોદિત કવિ આજે પ્રતિષ્ઠિત કવિ બની ગયો છે. ત્રણ ભાષામાં પીએચ.ડી કર્યું છે. ચાલીસ જેટલા પુસ્તકો લખ્યા છે પણ એના પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનાના "શીર્ષક"નો અર્થ આજેય સમજી શક્યો નથી. એ હજી પણ હિંદી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાના અનેક વિદ્વાનોને એનો અર્થ પૂછતો ફરે છે કોઈ અત્યાર સુધી એનો અર્થ આપી શક્યું નથી. મિત્રો, આપ પણ પ્રયાસ કરી શકો છો, અર્થ મળે તો મને જણાવશો.

- 9426060601.india@gmail.com

## આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

૨૮મી ફેબ્રુઆરી એટલે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ.ભારતના પ્રથમ નોબલ પારિતોષિક વિજેતા વિજ્ઞાની સી વી રામને આ દિવસે (૨૮-૨-૧૯૨૮) 'રામન કિરણો'ની શોધ કરી હતી, એ યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે.




નોબલ પારિતોષિક વિશ્વના ૩૦૦થી વધુ વિજ્ઞાનીઓને મળ્યા છે, પરંતુ આપણા દેશની મોટી આબાદીને હોવા છતાં માત્ર ચાર જ ભારતીય વિજ્ઞાનીઓને આ પારિતોષિક મળ્યું છે એય જાણવા જેવી વાત છે !

ખેર, જેમની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ આપણે ઉજવીએ છીએ એ મહાન વિજ્ઞાની ચંદ્રશેખર વેંકટરામનનો જન્મ ૭ નવેમ્બર, ૧૮૮૮ના દિવસે મદ્રાસ રાજ્યના ત્રિચિનાપલ્લી જિલ્લાના થિરૂવનાઈકલ ગામમાં થયો હતો. પિતા આર ચંદ્રશેખર લાયર અને માતા પાર્થવી આમાલના આ પનોતા પુત્રએ ભૌતિક શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. આકાશ ભૂરું કેમ દેખાય છે ? સમુદ્ર નીલવર્ણો કેમ દેખાય છે ? એવા સવાલોના જવાબો 'રામન કિરણો'ની શોધથી મેળવી શકાયા. તેમને તેમની આ શોધ બદલ ૧૯૩૦માં નોબલ પારિતોષિક મળ્યું. આ ઉપરાંત તેમને ૧૯૨૯માં નાઈટ બેચલર, ૧૯૫૪માં ભારત રત્ન, ૧૯૫૭માં લેનીન પ્રાઈઝ, ૧૯૩૦માં હગ્સ મેડલ, ફિનલેન્ડ મેડલ, મેટેક્યુઈ મેડલ પણ પ્રાપ્ત થયા છે. ૨૧ નવેમ્બર, ૧૯૭૦ના દિવસે બેંગ્લોર ખાતે તેમનું દેહાવસાન થયું. આ દિવસની ઉજવણીનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ, ખ્યાલ વિકસે તે છે, પરંતુ આઝાદીનાં ૬૦ વર્ષ પછી પણ આપણી શાળા-કૉલેજોમાં જે વૈજ્ઞાનિક માહોલ ઊભો થવો જોઈએ તે થયો નથી. એનું કારણ આપણી શિક્ષણ પધ્ધતિ છે, જેના કારણે આજના વિદ્યાર્થીઓ આવતીકાલે ડૉક્ટર કે ઍન્જિનીયર તો બને છે પરંતુ વૈજ્ઞાનિક નથી બની શકતા. વિજ્ઞાનને જાણે આપણે માત્ર એક વિષય તરીકે જ ઓળખીએ છીએ અને એની આપણને એટલી જ ઉપયોગિતા છે.

સારા તબીબની, ઍન્જિનીયરની, સાહિત્યકારની જેમ સમાજને જરૂર છે એમ સારા વૈજ્ઞાનિકની પણ જરૂર છે જ. અને એ માટે શાળાઓએ સજ્જ થવું જોઈશે. શાળાભ્યાસની સાથે-સાથે અર્થ અવર ડે, ઓઝોન ડે, ટેકનોલોજી ડે જેવા કેટલાય દિવસો વર્ષભર ઉજવી શકાય, જેમના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેતા વૈજ્ઞાનિકને આપણે ઉજાગર કરી શકીશું. વાલીઓએ પણ આ બાબતે જાગરૂકતા દાખવવાની જરૂર છે.

વિદેશોમાં વર્ગખંડ શિક્ષણ કરતાં આ પ્રાયોગિક-વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. એ જ કારણથી ત્યાંનાં બાળકોમાં વૈજ્ઞાનિક રસ, સમજ વધુ હોય છે ને આવાં જ બાળકો આગળ જતાં સફળ વૈજ્ઞાનિક તરીકે નામના પ્રાપ્ત કરે છે. આપણાં બાળકો ખૂબ તેજસ્વી છે, એમનામાંય વૈજ્ઞાનિકો છૂપાયેલા છે. જરૂર છે એ માટેનું વાતાવરણ ઊભું કરવાની, એમને એક તક આપવાની. પછી, આપણાય વૈજ્ઞાનિકો દુનિયામાં વખણાશે એ વાત નિશ્ચિત છે.

- ડો. અનિલ પટેલ

### ભવ્ય વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂઆત કરી હતી. અને પ્રથમ ત્રણ વિકેટ દસ રન પહેલા ગુમાવી દીધી હતી. જેથી કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોના જીવ ઉંચા થઈ ગયા હતા. ભારત તરફથી રોહિત શર્મા શુન્યે આઉટ થયો હતો. ત્યારબાદ રાહણે અને સુરેશ રૈના પણ સસ્તામાં આઉટ થયા હતા. પાકિસ્તાન તરફથી શરૂઆતમાં જ મોહમ્મદ આમીરે ભારતીય છાવણીમાં ત્રણ વિકેટ ઝડપીને ખળભળાટ મચાવી દીધો હતો. આજની રમતની મુખ્ય વિશેષતા ભારતીય અને પાકિસ્તાની બોલરોની સારી બોલિંગ રહી હતી. મીરપુર ખાતે રમાનારી આ મેચની તમામ ટિકિટો પહેલાથી વેચાઈ ચુકી હતી. છેલ્લે ૨૦૦૭માં બંને ટીમો વચ્ચે ૨૦૦૭માં ટ્વેન્ટી ક્રિકેટની મેચ રમાઈ હતી. નવ વર્ષના લાંબા ગાળા બાદ ભારત અને પાકિસ્તાન ટ્વેન્ટી ક્રિકેટમાં આમને સામને આવ્યા છે જેથી ક્રિકેટ ચાહકો આ મેચને લઈને પહેલાથી જ રોમાંચિત હતા. મેદાનમાં પણ હાઉસફુલની સ્થિતિ રહી હતી. બંને દેશો વચ્ચે ટ્વેન્ટી ક્રિકેટના આંકડા પર નજર કરવામાં આવે તો ભારતનો હાથ ઉંચો રહ્યો છે. ભારતે પાંચ અને પાકિસ્તાને એક ટ્વેન્ટી મેચ જીતી છે. શેરેબાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે આ મેચ રમાનાર છે. હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ આ મેચ એશિયા કપની ફાઈનલ સમાન બની રહે તેમ પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું પરંતુ ભારતીય બોલરો શરૂઆતથી જ છવાઈ ગયા હતા અને પાકિસ્તાની બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. ભારતના તમામ ખેલાડીઓ આક્રમક મૂડમાં દેખાયા હતા.

### સ્મૃતિ સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિલકુલ અલગ છે. ભાજપ અને કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ પ્રધાનની કેમ્પસ રાજનિતીના કારણે માતાએ પુત્ર ગુમાવી દીધો છે. રોહિતની માતા આ સંબંધમાં નિવેદન કરી ચુકી છે. રોહિતની માંતા દ્વારા કરવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કરીને કોંગ્રેસી નેતાએ ભાજપ સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. રોહિતની માતા રાધિકાએ શુક્રવારે કહ્યુ હતુ કે તેઓ સ્મૃતિ ઈરાનીને મળવા માંગે છે. રોહિત રાષ્ટ્ર વિરોધી હતો તે બાબત સ્મૃતિ ઈરાની ક્યા આધાર પર કરી રહ્યા છે તે વાત તેઓ જાણવા માંગે છે. જેએનયુ અને રોહિતના મામલે સ્મૃતિ ઈરાનાના નિવેદનને લઈને છેલ્લા કેટલાક દિવસથી જોરદાર આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર ચાલી રહ્યો છે.

### વધારાના સંકેત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટમાં એક્સાઈઝ અથવા સર્વિસ ટેક્સના દરો વધી શકે છે. કરવેરા વસુલાતને વધારવા માટે શ્રેણીબદ્ધ પહેલ થઈ શકે છે. શુક્રવારના દિવસે સંસદમાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે દર્શાવે છે કે, સરકાર ઈન્કમટેક્સ મુક્તિ મર્યાદામાં વધુ વધારો કરવાના મૂડમાં નથી.

**જાહેર નિવિદા નં.૪ સને ૨૦૧૫-૧૬**
**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૦૬ કામોની અંદાજીત કિંમત રૂ. ૫૪,૪૬૪.૨૫ થી રૂ. ૯૯,૯૦૦.૦૦ સુધી છે. આ માટે ઈ-૨ તથા તેની ઉપરની કક્ષાના અને નોંધણી ધરાવનાર વિદ્યુત ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર વેચાણથી તા. ૪/૩/૨૦૧૬ સુધી બપોરના ૪.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૧૧/૩/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન મોકલવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૬૯૦/૨૦૧૫-૧૬